♦ **Fifteen Assistant Executive Engineer (Electronics) in Directorate General of Lighthouses & Lightships, Ministry of Shipping.** Of the fifteen posts, two posts are reserved for Scheduled Castes, two posts are reserved for Scheduled Tribes, three posts are reserved for Other Backward Classes Candidates and remaining eight posts are Unreserved. Of the fifteen posts, two posts are reserved for Physically Challenged Persons i.e. one post with disability of Hearing Impairment i.e. Partially Deaf (PD) and one post for Orthopaedically Handicapped/Locomotor Disability/Cerebral Palsy with One Leg Affected (Right or Left) (OL).The posts are also suitable for Physically Challenged Persons with disability.

♦ **QUALIFICATIONS: ESSENTIAL: A. EDUCATIONAL:** Degree in Telecommunications/Electronics Engineering/ Electronics and Communications Engineering from a recognised University or equivalent. *IETE (Institute of Electronics and Telecommunication Engineers) and AMIE part A& B of the Institution of Engineers (India). **B. EXPERIENCE:** Two years experience in a supervi-sory capacity in the field of radio aids to navigation. **DESIRABLE:** Two years experi-ence in generation, supply and transmission of power with experience in lighting small motors and wiring. **DUTIES:** To assist in installation, improvement and maintenance of equipments and other navigational aids. **HQ:** Kolkata, Mumbai, Visakhapatnam, **Jamnagar,** Cochin, Chennai, **Kandla,** Port Blair. Liable to serve anywhere in India along the Indian coast including Andaman & Nicobar Islands and Lakshadweep Islands.

❑ **(Vacancy No. 13050722625)**

♦ **One Assistant Director in Development Wing, Ministry of Shipping. The post is Unreserved.**

♦ **QUALIFICATIONS: ESSENTIAL: A. EDUCATIONAL:** (i) Degree in Civil Engineering or Degree in Mechanical Engineering from a recognised University or equivalent. **B. EXPERIENCE:** Two years experience in Design, construction and maintenance of Civil Engineering Works including Harbour Engineering Works or a mechanical or marine workshop or organisation. **DUTIES:** Scrutiny of detailed project reports/feasibility reports/cost estimates of schemes related to Major and Minor Ports, Monitoring of the progress of sanctioned port projects. Preparation of draft notes for EFC, PIB and CCEAfor investment proposals. Works related to Committees, Working Groups set up by the Ministry. Any other duties as may be assigned.. **HQ:** New Delhi.

❑ **( Vacancy No. 13050723325)**

♦ **Three Research Officer (Scientific-Physics) in Central Water and Power Research Station, Pune, Ministry of Water Resources.** Of the three posts, two posts are reserved for Other Backward Classes Candidates and remaining one post is Unreserved. The posts are suitable for Physically Challenged Persons with disability.

♦ **QUALIFICATIONS: ESSENTIAL: EDUCATIONAL:** Master's Degree in Physics from a recognized University or equiv-alent. **DESIRABLE:** (i) Doctorate Degree in Physics from a recognized University or equivalent. (ii) Research experience in Physics. **DUTIES:** To carry out research in Physics applied to projects in the discipline of Seismology, Vibration Technology, Geophysics, Soil Mechanics, Rock mechanics, Hydrology and Structural dynamics by way of field data collection, laboratory testing, data analysis and interpretation and mathematical modelling. **HQ:** Khadakwasla with All India Service Liability.

❑ **(Vacancy No. 13050724125)**

♦ **One Professor Hospital Administration-Cum-Medical Superintendent in Government Medical College and Hospital, Chandigarh, Department of Medical Education and Research, Chandigarh Administration.** The post is Unreserved.

♦ **QUALIFICATIONS: ESSENTIAL:**

A. **EDUCATIONAL:** (i) A basic University qualification included in any one of the Schedules to the Indian Medical Council Act, 1956 (102 of 1956) and must be registered in a State Medical Register or Indian Medical Register. (ii) M.D.(Health Administration)/ M.D.(Hospital Administration)/ M.D. (Community Health Administration). * The candidate holding DNB qualifications would need to get their qualification verified by NBE as to whether it is as per the requirement of the Gazette notification No.MCI-12(2)/ 2010-Med. Misc. dated 11.6.2012 and produce such certificate at the time of interview.

B. **EXPERIENCE:** Ten Years' experience in the profession after acquiring Post graduate Qualification out of which four years should be as Reader/Associate Professor in Health Administration/Community Medicine /Social & Preventive Medicine/Hospital Administration in a recognized Medical College. **DESIRABLE:** (i) Minimum of four Research Publications in Index Medicus/ National Journals and one Research Publications in International Journal. (ii) Administrative Experience. **DUTIES:** To teach the Under graduate (MBBS) and Post graduate students in the Government Medical College and Hospital , Chandigarh and providing other clinical services in the attached teaching hospital besides looking after the administrative affairs of Hospital Administration. **HQ:** Government College and Hospital Chandigarh.

❑ **( Vacancy No. 13050725125)**

♦ **One Senior Lecturer (Forensic Medicine) in Government Medical College and Hospital, Chandigarh, Department of Medical Education and Research, Chandigarh Administration.** The post is exclusively reserved for Other Backward Classes candidates.

♦ **QUALIFICATIONS: ESSENTIAL: A. EDUCATIONAL:** (i) A basic University or equivalent qualification included in any one of the Schedules to the Indian Medical Council Act, 1956 (102 of 1956) and must be registered in a State Medical Register or Indian Medical Register. (ii) M D (Forensic Medicine) from a recognised University/ Institution or equivalent.* *The candidate holding DNB qualifications would need to get their qualification verified by NBE as to whether it is as per the requirement of the Gazette Notification No. MCI-12(2)/ 2010-med.misc.dated 11.6.2012 and pro-duce such verification at the time of interview. **B. EXPERIENCE:** Three years teach-ing experience in the concerned specialty after acquiring post graduate qualification as Lecturer/Registrar/ Senior Resident/Demonstrator / Tutor in a recognized Medical College/ Teaching Institution. **DUTIES:** To teach the undergraduate (MBBS) and post graduate students, training of interns, paramedical staff and research work. **HQ:** Government College and Hospital, Chandigarh Rural/Urban Health Centers of the Chandigarh Administration.

❑ **( Vacancy No. 13050726125)**

♦ **One Senior Lecturer (Immuno Haematology and Blood Transfusion) in Government Medical College and Hospital, Chandigarh, Department of Medical Education and Research, Chandigarh Administration.** The post is exclusively reserved for Other Backward Classes candidates.

♦ **QUALIFICATIONS: ESSEN-TIAL: A. EDUCATIONAL:** (i) A basic University or equivalent qualification included in any one of the Schedules to the Indian Medical Council Act, 1956 (102 of 1956) and must be registered in a State Medical Register or Indian Medical Register. (ii) D.M.(Immunology) or M.D.(Immuno Haematology and Blood Transfusion)/M.D.(Pathology or Bacteriology or Haematology) with two years' teach-ing experience or special training in the Department of Immuno Haematology and Blood Transfusion from a recognised University/Institution or equivalent.* *The candidate holding DNB qualifications would need to get their qualification verified by NBE as to whether it is as per the requirement of the Gazette Notification No. MCI-12(2)/2010-med.misc.dated 11.6.2012 and produce such verification at the time of interview. **EXPERIENCE, DUTIES, HQ and ANY OTHER CONDITIONS: Same as in Item No. 25 above.**

❑ **( Vacancy No. 13050727125)**

♦ **Two Senior Lecturer (Radio-Diagnosis) in Government Medical College and Hospital, Chandigarh, Department of Medical Education and Research, Chandigarh Administration.** Of the two posts, one post each is reserved for Scheduled Castes and Other Backward Classes candidates.

♦ **QUALIFICATIONS: ESSENTIAL: A. EDUCATIONAL:** (i) A basic University or equivalent qualification included in any one of the Schedules to the Indian Medical Council Act, 1956 (102 of 1956) and must be registered in a State Medical Register or Indian Medical Register. (ii) M D (Radio-Diagnosis)/M.D.(Radiology)/ M.S.Radiology from a recognised University/Institution or equivalent.* *The candidate holding DNB qualifications would need to get their qualification verified by NBE as to whether it is as per the requirement of the Gazette Notification No. MCI-12(2)/2010-med.misc.dated 11.6.2012 and pro-duce such verification at the time of interview. **EXPERIENCE, DUTIES, HQ AND ANY OTHER CONDITIONS: Same as in Item No. 25 above.**

❑ **( Vacancy No. 13050728225)**

♦ **One Junior Research Officer (Bhutanese) in Signal Intelligence Directorate, Army Headquarters, Ministry of Defence.** The post is exclusively reserved for Scheduled Tribe Candidates. The post is suitable for Physically Challenged Persons i.e. disability.

♦ **QUALIFICATIONS: ESSENTIAL: A. EDUCATIONAL:** (i) Master's Degree in Mathematics/Statistics or Mathematical Statistics/Electronics/Computer Science from a recognized University or equivalent. (ii) Diploma /Interpretership in Bhutanese. **B. EXPERIENCE, DUTIES and HQ: Same as in Item No.6 above.**

❑ **( Vacancy No. 13050729225)**

♦ **One Junior Research Officer (Burmese) in Signal Intelligence Directorate, Army Headquarters, Ministry of Defence.** The post is Unreserved. The post is suitable for Physically Challenged Persons i.e. disability.

♦ **QUALIFICA-TIONS: ESSENTIAL: A. EDUCATIONAL:** (i) Master's Degree in Mathematics/Statistics or Mathematical Statistics/Electronics/Computer Science from a recognized University or equivalent. (ii) Diploma /Interpretership in Burmese. **B. EXPERIENCE, DUTIES and HQ: Same as in Item No.6 above.**

CLOSING DATE FOR SUBMISSION OF ONLINE RECRUITMENT APPLICATION (ORA) THROUGH ORA WEBSITE IS **23:59 HRS ON 13.06.2013**

THE LAST DATE FOR PRINTING OF COMPLETELY SUBMITTED ONLINE APPLI-CATION IS UPTO **23 :59 HRS ON 14.06.2013**

a) Candidates are requested to apply only Online against this advertisement on the Online Recruitment Application (ORA) website **http://www.upsconline.nic.in** and NOT write to the Commission for Application forms. They are also requested to go through carefully the details of posts and instructions published below as well as on the website **http://www.upsconline.nic.in.**

●

*(અનુસંધાન પાના નંબર ૭ ઉપરનું ચાલુ...)*

qualities but also his/her social traits and interests in current affairs

## APPENDIX-II (A)

### INSTRUCTIONS TO THE CANDIATES FOR FILLING ONLINE APPLICATIONS

Candidates are required to apply Online by using the website **http://www.upsconline. nic.in**

Salient Features of the system of Online Application Form are given hereunder

- Detailed instructions for filling up Online applications are available on the above mentioned website
- Candidates will be required to complete the On-line Application Form containing two stages viz. Part-I and Part-II as per the instructions available in the above mentioned site through drop down menu
- The candidates applying Online are required to pay a fee of Rs. 200/-(Rupees one hundred Only) [excepting Female/SC/ST candidates who are exempted from payment of fee] either by remitting the money in any branch of SBI by cash, or by using net banking facility of SBI or by using any Visa/Master Credit/ Debit Card.
- Before start filling up Online Application, a candidate must have his/her photograph and signature duly scanned in the **jpg** format in such a manner that each file size should not exceed 40 KB each
- The Online applications (Part I and II) can be filled up to 24-6-2013 till 11.59 p.m., after which link will be disabled.
- **Candidats are strongly advised to apply online well In time without waiting for the last date for submission of online application.**

●

**(૧) ૩૦મી જાન્યુઆરી, શહીદ દિનના દિવસે શહીદોને શ્રધ્ધાંજલી આપવા પાળવામાં આવતું બે મિનિટનું મૌન કેટલા વાગ્યે શરૂ થાય છે ?**

(૧) સવારે ૯.૦૦ કલાકે (૨) સવારે ૧૦.૦૦ કલાકે
(૩) સવારે ૧૧.૦૦ કલાકે (૪) સવારે ૧૨.૦૦ કલાકે

**(૨) આઇ.પી.એલ.ની રમતમાં સ્પોટ ફિક્સીંગ(મેચ ફિક્સીંગ)માં ભારતના કયા ક્રિકેટરનું નામ સંડોવાયું છે ?**

(૧) શ્રીસંત (૨) હરભજન સિંઘ
(૩) રાહુલ દ્રવિડ (૪) સુરેશ રૈના

**(૩) ભાજપના રાજ્ય સભાના સાંસદ અને નામાંકીત ધારાશાસ્ત્રી કે જેઓને ગેરશિસ્તના આરોપ હેઠળ પ્રાથમિક સભ્યપદેથી ૬ વર્ષ માટે હકાલપટ્ટીના સમાચારો અખબારોમાં ચમક્યા હતા ?**

(૧) અરૂણ જેટલી (૨) રામ જેઠમલાણી
(૩)કપિલ સિબ્બલ (૪) અરૂણ વર્મા

**(૪) ભારતીય ક્રિકેટ બોર્ડના પ્રમુખ હાલમાં કોણ છે ?**

(૧) શ્રીનિવાસન (૨) એમ.એસ.ધોની
(૩) રાજસિંહ ડુંગરપુરે (૪) નિરંજન શાહ

**(૫) આઇ.પી.એલ.ની રમતમાં ફાઇનલમાં કઇ ટીમ વિજેતા બની હતી ?**

(૧) ચેન્નાઇ સુપર કિંગ્સ (૨) મુંબઇ ઇન્ડિયન
(૩) રાજસ્થાન રોયલ્સ (૪) પૂણે વોરિયર્સ

**(૬) માયોપિયા એ શરીરના કયા અંગ સાથે સંકળાયેલો રોગ છે ?**

(૧) આંખ (૨) કાન
(૩) નાક (૪) ચામડી

**(૭) નીચેનામાંથી કયા વિધાનસભાના પ્રશ્ન ઉપર મૌખિક ચર્ચા થઇ શકે અને અન્ય સભ્યો પણ પૂરક પ્રશ્નો પૂછી શકે ?**

(૧) તારાંકીત પ્રશ્ન
(૨) અતારાંકીત પ્રશ્ન
(૩) તારાંકીત અને અતારાંકીત પ્રશ્ન
(૪) એક પણ પ્રશ્ન સાચો નથી

**(૮) તાજેતરમાં ગુજરાત સરકારે કર્મચારીઓને કેટલા ટકા મોંઘવારી ભથ્થાની મંજૂરી આપી ?**

(૧) ૭ ટકા (૨) ૫ ટકા
(૩) ૮ ટકા (૪) ૬ ટકા

**(૯) જયશિખરી ચાવડાએ પોતાનું નવું રાજ્ય ગુજરાતમાં કયાં સ્થાપ્યું હતું ?**

(૧) માળવા (૨) અણહિલપુર પાટણ
(૩) પંચાસર (૪) સિધ્ધપુર

**(૧૦) મિહિર ભોજ એ કયાં વંશનો રાજવી હતો ?**

(૧) પ્રતિહાર (૨) ચેર
(૩) પલ્લવ (૪) રાષ્ટ્રકૂટ

**(૧૧) સિંધુખીણની સંસ્કૃતિના અવશેષોનું કાલિબંગા નગર કયા રાજ્યમાં આવેલું છે ?**

(૧) પંજાબ (૨) સિંધ
(૩) રાજસ્થાન (૪) મધ્યપ્રદેશ

**(૧૨) સિંધુખીણની કે હડપ્પન સંસ્કૃતિ કેટલા વર્ષ પૂર્વેની માનવામાં આવે છે ?**

(૧) ઈ.સ. પૂર્વે ૨૫૦૦-૧૫૦૦ વર્ષ
(૨) ઈ.સ. પૂર્વે ૧૦૦૦-૫૦૦ વર્ષ
(૩)ઈ.સ. પૂર્વે ૪૫૦-૨૫૦ વર્ષ
(૪) ઈ.સ. પૂર્વે ૨૦૦૦-૧૫૦૦ વર્ષ

**(૧૩) સિંધુખીણની સંસ્કૃતિના અવશેષોનું દેશલપર ગુજરાતના કયા જિલ્લામાં આવેલું છે ?**

(૧) સુરેન્દ્રનગર (૨) કચ્છ
(૩) જૂનાગઢ (૪) જામનગર

**(૧૪) રાજ્યસભામાંથી દર વર્ષે કેટલા સભ્યો નિવૃત્ત થાય છે ?**

(૧) ૧/૩ (૨) ૨/૩
(૩) ૩/૪ (૪) ૧/૫

**(૧૫) શાંતિદૂત નીચેનામાંથી કોણ ?**

(૧) રવીન્દ્રનાથ ટાગોર (૨) બંકિમચંદ્ર ચેટર્જી
(૩) જવાહરલાલ નહેરૂ (૪) મહાત્મા ગાંધીજી

**(૧૬) સૂર્યમંદિરો નીચેનામાંથી કયા યુગમાં બંધાયેલા ?**

(૧) રાજપુત યુગ (૨) ચેર યુગ
(૩) ગુપ્ત યુગ (૪) રાષ્ટ્રકૂટ

**(૧૭) ''પર્વતોની રાણી'' નું બિરૂદ નીચેનામાંથી કોને મળેલ છે ?**

(૧) મસૂરી (૨) નૈનિતાલ
(૩) ઊટી (૪) દાર્જિલિંગ

**(૧૮) કર્ણાટકમાં આવેલું કોલાર શેના માટે જાણીતું છે ?**

(૧) હીરાની ખાણો (૨) સોનાની ખાણો
(૩) કોલસાની ખાણો (૪) લોખંડની ખાણો

**(૧૯) પૂર્વ પાકિસ્તાનને પાકિસ્તાનથી અલગ કરી નવા રાષ્ટ્ર બાંગ્લાદેશના જન્મ માટે ઈન્દિરા ગાંધીને કયો એવોર્ડ મળ્યો હતો ?**

(૧) પરમવીર ચક્ર (૨) પદ્મ વિભૂષણ
(૩) પદ્મ ભૂષણ (૪) ભારત રત્ન

**(૨૦) ''ડર્મેટોલોજી'' કયા વિષયનું શાસ્ત્ર છે ?**

(૧) આંતરડાના રોગ (૨) કિડની
(૩) લીવર (૪) ચામડી

**(૨૧) નીચેનામાંથી કઈ નવલકથા ૧૮૫૭ના સ્વાતંત્ર સંગ્રામના અનુસંધાનમાં લખાયેલી છે ?**

(૧) જય સોમનાથ (૨) ભવની ભવાઈ
(૩) ભારેલો અગ્નિ (૪) ગુજરાતનો નાથ

## જનરલ નોલેજ ક્વિઝ કોર્નર

મનીષ શાહ

**(૨૨) ભારતના બંધારણનો કયો સુધારો ''મીની બંધારણ'' તરીકે ઓળખાય છે ?**

(૧) ૪૪મો (૨) ૪૨મો
(૩) ૪૬મો (૪) ૫૬મો

**(૨૩) ''યયાતિ'' ના રચયિતા........**

(૧) ગિરિશ કર્નાડ (૨) અમૃતા પ્રિતમ
(૩) હેમુ ગઢવી (૪) શિશિરકુમાર

**(૨૪) ભારતના શેક્સ્પિયર નીચેનામાંથી કોણ ?**

(૧) કાલીદાસ (૨) માઘ
(૩) ભવભૂતિ (૪) વિશાખાદત્ત

**(૨૫) મગફળીના સૌથી વધુ ઉત્પાદન માટે નીચેનામાંથી કયો વિકલ્પ સાચો છે ?**

(૧) સુરેન્દ્રનગર (૨) રાજકોટ
(૩) અમરેલી (૪) જૂનાગઢ

**(૨૬) સાંચીનો જગપ્રસિધ્ધ સ્તૂપ કયા રાજ્યમાં આવેલો છે ?**

(૧) ઓરિસ્સા (૨) ઉત્તરપ્રદેશ
(૩) મધ્યપ્રદેશ (૪) કર્ણાટક

**(૨૭) મહાગુજરાત જનતા પરિષદે મુંબઈ વિધાનસભાની કયા વર્ષની ચૂંટણીમાં ભાગ લઈ ૨૯ બેન્કો પર વિજય મેળવ્યો હતો ?**

(૧) ઈ.સ. ૧૯૫૭ (૨) ઈ.સ. ૧૯૫૨
(૩) ઈ.સ. ૧૯૫૬ (૪) ઈ.સ. ૧૯૫૮

**(૨૮) પ્રથમ લોકસભાની અવિધિ કઈ ?**

(૧) ઈ.સ. ૧૯૫૭-૧૯૫૨
(૨) ઈ.સ. ૧૯૪૮-૧૯૫૩
(૩) ઈ.સ. ૧૯૫૨-૧૯૫૭
(૪) ઈ.સ. ૧૯૫૦-૧૯૫૫

**(૨૯) કુતુબમિનારનું બાંધકામ કોણે પૂરું કરાવ્યું હતું ?**

(૧) કુતુબુદ્દીન ઐબક (૨) ઈલ્તુમિશ
(૩) અલાઉદીન ખીલજી (૪) ગ્યાસુદ્દીન બલ્બન

**(૩૦) માઉન્ટ એવરેસ્ટ શિખર કયાં આવેલું છે ?**

(૧) તિબેટમાં (૨) ચીનમાં
(૩) નેપાળમાં (૪) ભારતમાં

## જવાબ

**(૧) ૩ (૨) ૧ (૩) ૨ (૪) ૧ (૫) ૨ (૬) ૧ (૭) ૧ (૮) ૩ (૯) ૩ (૧૦) ૧ (૧૧) ૩ (૧૨) ૧ (૧૩) ૨ (૧૪) ૧ (૧૫) ૩ (૧૬) ૧ (૧૭) ૧ (૧૮) ૨ (૧૯) ૪ (૨૦) ૪ (૨૧) ૩ (૨૨) ૨ (૨૩) ૧ (૨૪) ૧ (૨૫) ૪ (૨૬) ૩ (૨૭) ૧ (૨૮) ૩ (૨૯) ૨ (૩૦) ૩**

## અન્ય જાહેરખબર

❑ **યુનિયન પબ્લિક સર્વિસ કમિશન : નવી દિલ્હી**

**જગ્યાનું નામ** :આસિ. પ્રોફેસર (મિકે. એન્જિનિયરીંગ), સિનિયર એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, લેકચરર (મેથ્સ./ફિઝિક્સ), જુ. રિસર્ચ ઓફિસર (તિબેટન), સ્ટોર્સ ઓફિસર, મીટીઓરોલોજિસ્ટ (એગ્રિકલ્ચર/સિવિલ એન્જિ./ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિ./ઈલે. એન્ડકોમ્પ્યુ. એન્જિ./ઈલેક્ટ્રિકલ એન્ડ ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયરીંગ/જીઓફિઝિક્સ એન્ડ જીઓલોજી/મેથ્સ. અથવા સ્ટેટેસ્ટિક્સ/ફિઝિક્સ અથવા એટમોસ્ફેટિક સાયન્સિઝ), ડેપ્યૂટી ડાયરેક્ટર (એક્ષપોર્ટ પ્રમોશન), જુ. માઈનીંગ જીઓલોજિસ્ટ, પ્રિન્સીપાલ લાયબ્રેરી એન્ડ ઈન્ફર્મેશન ઓફિસર, ઈકોનોમિક ઓફિસર, આસિ. એક્ઝિ. એન્જિનિયર (ઈલેક્ટ્રોનિક્સ), આસિ. ડાયરેક્ટર, રિસર્ચ ઓફિસર (સાયન્ટિફિક ફિઝિક્સ), પ્રોફેસર (હોસ્પિટલ એડમિનિસ્ટ્રેશન કમ મેડિકલ સુપ્રિ.), સિનિયર લેકચરર (ફોરેન્સિક મેડિસીન/ઈમ્યુનો હેમેટોલોજી એન્ડ બ્લડ ટ્રાન્સફ્યુઝન/રેડિયો-ડાયગ્નોસીસ), જુ. રિસર્ચ ઓફિસર (ભુટાનીઝ/બર્મીઝ)

**જગ્યાની સંખ્યા** : ૧૮૧

**ઓન લાઈન અરજીની છેલ્લી તારીખ** : ૧૩-૬-૨૦૧૩

**વેબસાઇટ** : http://www.upsconline.nic.in

❑ **એર ઈન્ડિયા ચાર્ટર્સ લિમિટેડ : તિરૂવનંતપુરમ**

**જગ્યાનું નામ** : ટેકનિકલ ઓફિસર, ટેકનિકલ ઓફિસર, (ટ્રેઈની)

**જગ્યાની સંખ્યા** : ૧૩

**ઓન લાઇન અરજીની છેલ્લી તારીખ** : ૧૭-૬-૨૦૧૩

**વેબસાઇટ** : www.airindia.in / www.airindiaexpress.in

❑ **૧ ફિલ્ડ ઓર્ડેનન્સ ડિપોર, પીન ૯૦૯૯૧, c/o 56 APO**

**જગ્યાનું નામ** : એલડીસી, સિવિલીયન મોટર ડ્રાઈવર, મેસેન્જર, સફાઈવાળા, ફાયરમેન

**જગ્યાની સંખ્યા** : ૨૧

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૧૩-૬-૨૦૧૩

❑ **CSIR-સેન્ટ્રલ લેધર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ : ચેન્નાઈ**

**જગ્યાનું નામ** : સાયન્ટિસ્ટ, સિનિયર સાયન્ટિસ્ટ, મેડિકલ ઓફિસર

**જગ્યાની સંખ્યા** : ૦૯

**ઓન લાઈન અરજીની છેલ્લી તારીખ** : ૨૧-૬-૨૦૧૩

**વેબસાઇટ** : http://www.clri.nic.in

❑ **હેટ ક્વાર્ટસ સાઉર્થન નેવલ કમાન્ડ : કોચી**

**જગ્યાનું નામ** : આસિ. સ્ટોર કિપર, એલડીસી, સિવિલીયન મોટર ડ્રાઈવર, લેબ. ટેકનિશીયન, ટેલિફોન ઓપરેટર, ફાર્માસિસ્ટ કેન્ટીન, સુપરવાઈઝર, ઈલેક્ટ્રોપ્લેટર, રસોઈયા, સેલ્સમેન, પ્રિન્ટર કંપોઝીટર, લાશ્કર

**જગ્યાની સંખ્યા** : ૪૪

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૧૩-૬-૨૦૧૩

❑ **આઈ.ટી.આઈ. : દિલ્હી**

**જગ્યાનું નામ** : એક્ઝિ. એન્જિનિયર (ઈલેક્ટ્રિકલ/સિવિલ/ ઈલે./ઈલેક્ટ્રોનિક્સ), જુ. એન્જિનિયર (સિવિલ), સ્ટુડન્ટ કાઉન્સેલર, મેડિકલ ઓફિસર, આસિ. રજિસ્ટ્રાર, જુ. ટેકનિકલ સુપ્રિ., જુ. લેબ આસિસ્ટન્ટ

**જગ્યાની સંખ્યા** : ૧૬

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૧૧-૬-૨૦૧૩

**વેબસાઇટ** : www.iitd.ac.in

❑ **સ્ટાફ સિલેકશન કમિશન (નોર્થ ઈસ્ટર્ન રિજિયન) .:**

**જગ્યાનું નામ** : ઝૂલોજીકલ આસિ. સાયન્ટિફિક આસિ.

**જગ્યાની સંખ્યા** : ૦૫

**વેબસાઇટ** : http://www.ssc.nic.in

❑ **ફોરેસ્ટ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ : દેહરાદૂન**

**જગ્યાનું નામ** : રિસર્ચ આસિ., લાયબ્રેરી ઈન્ફર્મેશન આસિ. જુ. હિન્દી ટ્રાન્સલેટર, ટ્રેસર, ફોરેસ્ટર, ફોરેસ્ટ ગાર્ડ, આર્ટિસ્ટ

**જગ્યાની સંખ્યા** : ૩૧

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૨૧-૬-૨૦૧૩

**વેબસાઇટ** : http://www.fri.icfre.gov.in

(એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ, તા. ૨૫-૫-૨૦૧૩)

(અનુસંધાન પાના નંબર ૮ ઉપરનું ચાલુ...)

❋ **ઓફિસર્સ ટ્રેઈનિંગ એકેડેમી (પુરૂષ) માટે** તા. ૨-૭-૧૯૮૯ થી તા. ૧-૭-૧૯૯૫ વચ્ચે જન્મેલા પુરુષ ઉમેદવારો (પરીણિત અથવા અપરીણિત) અરજી કરી શકશે.

❋ **ઓફિસર્સ ટ્રેઈનિંગ એકેડેમી (એસએસસી મહિલા) માટે :**

❋ અપરીણીત મહિલા, નિઃસંતાન વિધવા કે જેમણે પુનઃ લગ્ન ન કર્યા હોય તેમજ છૂટાછેડા લીધેલ નિઃસંતાન મહિલા (છૂટા છેડાના દસ્તાવેજ રજૂ કરવાના રહેશે) કે જેણે પુનઃ લગ્ન ન કર્યા હોય તેવા ઉમેદવાર અરજી કરી શકે છે. ઉમેદવાર તા. ૨-૭-૧૯૮૯ અને તા. ૧-૭-૧૯૯૫ વચ્ચે જન્મેલા હોવા જોઈએ.

❋ કમિશન માત્ર મેટ્રિક્યુલેશન અથવા સેકન્ડરી સ્કુલ લિવિંગ સર્ટિફિકેટ અથવા કોઈપણ ભારતીય યુનિવર્સિટીએ માન્ય રાખેલ મેટ્રિક્યુલેશનની સમકક્ષ સર્ટિફિકેટમાં દર્શાવેલી જન્મ તારીખ ને જ માન્ય રાખશે. આ બાબતની વિશેષ માહિતી માટે **તા. ૨૫-૫-૨૦૧૩** નું એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ જોવા વિનંતી છે.

### ❑ શૈક્ષણિક લાયકાત :

❋ આઈ.એમ.એ. અને ઓફિસર્સ ટ્રેઈનિંગ એકેડેમી માટે માન્ય યુનિવર્સિટીની ડિગ્રી અથવા સમકક્ષ લાયકાત.

❋ નેવલ એકેડેમી માટે બેચલર ઓફ એન્જિનિયરીંગ.

❋ એરફોર્સ એકેડેમી માટે માન્ય યુનિવર્સિટીની ડિગ્રી (૧૦+૨ કક્ષાએ ફિઝિક્સ અને મેથેમેટિક્સ વિષયો સાથે) અથવા બેચલર ઓફ એન્જિનિયરીંગ.

❋ જે સ્નાતકોએ આર્મી/નેવી/એરફોર્સને પ્રથમ પસંદગી આપી હોય તેઓએ એસ.એસ.બી. ખાતે એસ.એસ.બી. ઈન્ટરવ્યૂના પ્રારંભની તારીખે સ્નાતકના કામચલાઉ પ્રમાણપત્રનો પુરાવો રજુ કરવાનો રહે છે.

❋ જે ઉમેદવારો ડિગ્રી કોર્સના આખરી વર્ષમાં અભ્યાસ કરી રહ્યા છે અને જેઓને હજી આખરી વર્ષ પાસ કરવાનું બાકી છે તેઓ પણ અરજી કરી શકે છે પરંતુ આ માટે આઈ.એમ.એ./એસ. એસ.બી.ની પ્રથમ પસંદગી દર્શાવેલ ઉમેદવારોએ Army HQ/ Rtg. CDSE Entry, New Delhi-110 066 ને, નેવીની પ્રથમ પસંદગી આપતા ઉમેદવારોએ Naval HQ "DMPR" (R & R Section), Room No. 204, "C" Wing, Sena Bhawan, New Delhi-110 011 ને તથા એરફોર્સની પ્રથમ પસંદગી આપતા ઉમેદવારોએ PO3(A), Air Headquarters, "J" Block, Room No. 17, Opp. Vayu Bhawan, Motilal Nehru Marg, New Delhi-110 011 ને ડિગ્રી પરીક્ષા પાસ કર્યાની સાબિતી રજુ કરવી જરૂરી છે. આઈ.એમ.એ., નેવલ અને એરફોર્સ એકેડેમીમાં પ્રવેશ માટે **તા. ૧૩-૫-૨૦૧૪** ના રોજ કે તે પહેલાં તથા ઓફિસર્સ ટ્રેઈનિંગના એકેડેમી, ચેન્નાઈમાં પ્રવેશ માટે **તા. ૧-૮-૨૦૧૪** ના રોજ કે તે પહેલાં અરજી કરવી અન્યથા તેઓની ઉમેદવારી રદ કરવામાં આવશે.

❋ જે ઉમેદવારો સરકારે વ્યાવસાયિક અને ટેકનિકલ ડિગ્રીની સમકક્ષ ગણેલી વ્યાવસાયિક અને ટેકનિકલ લાયકાતો ધરાવતા હશે તેઓને પણ આ પરીક્ષામાં પ્રવેશ મળી શકશે.

❋ અપવાદરૂપ કિસ્સામાં કોઈ ઉમેદવાર આ નિયમ હેઠળ નિયત કરેલ કોઈપણ લાયકાત ધરાવતા ન હોય તેમ છતાં કમિશનને એમ લાગે કે આવા ઉમેદવારની લાયકાતનું ધોરણ તેમને આ પરીક્ષામાં પ્રવેશ મેળવવા માટે વાજબી ઠેરવે છે તો શૈક્ષણિક લાયકાત ધરાવે છે એમ કમિશન માની શકશે.

અપવાદરૂપ કિસ્સાઓમાં કમિશન કોઈપણ ઉમેદવાર કે જે કોઈપણ નિયત લાયકાત ધરાવતા નથી તેમને શૈક્ષણિક રીતે લાયક ગણી શકશે પરંતુ શરત એ કે તેઓ એવી લાયકાત ધરાવતા હોવા જોઈએ કે જેનાં ધોરણો કમિશનના મતે પરીક્ષામાં તેમના પ્રવેશને વાજબી ઠેરવે.

❋ સંરક્ષણ મંત્રાલય દ્વારા જે ઉમેદવારોને સંરક્ષણ સેવાઓમાં કોઈપણ પ્રકારના કમિશનમાંથી રુખસદ આપવામાં આવી છે તેવા ઉમેદવારો પરીક્ષામાં પ્રવેશ માટે લાયકાત ધરાવતા નથી અને જો તેઓને પ્રવેશ આપવામાં આવ્યો હશે તો તે રદ કરવામાં આવશે.

❋ એરફોર્સના જે ઉમેદવારોને ઉડ્ડયન શીખવામાં મળેલી નિષ્ફળતાના કારણે ઉડ્ડયનની તાલીમમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હોય તેઓને નેવિગેશન/એડ્મિનિસ્ટ્રેશન/ આઈ.એ.એફ.ની લોજિસ્ટિક શાખામાં, જગાઓની પ્રાપ્તિ અને ઠરાવેલ ગુણવત્તાનાં ધોરણો (સ્નાતકમાં ૬૦ ટકા સહિત) સંતોષવાની શરતે સમાવવામાં આવશે.

### ❑ શારીરિક ધોરણો :

કમ્બાઈન્ડ ડિફેન્સ સર્વિસિસ એક્ઝામિનેશન (II), ૨૦૧૨ માં પ્રવેશ મેળવવા માટે ઉમેદવારો પરિશિષ્ટ (૫)માં દર્શાવેલ માર્ગદર્શિકા મુજબના શારીરિક ધોરણો મુજબ શારીરિક રીતે સક્ષમ હોવા જોઈએ.

❑ ઉમેદવારોએ અરજી ફી રૂપે રૂા.૨૦૦ ચૂકવવાના રહેશે. મહિલા ઉમેદવાર/અ.જા./અ.જ.જા. વર્ગના ઉમેદવારોએ અરજી ફી ચૂકવવાની નથી. ઓન લાઈન અરજી કરનાર ઉમેદવારોએ અરજી ફી એસ.બી.આઈ. તથા તેની સહયોગી બેંકની કોઈપણ બ્રાન્ચમાં રોકડમાં અથવા એસ.બી.આઈ.ની નેટ બેન્કીંગ સુવિધા મારફતે અથવા વીઝા/માસ્ટર ક્રેડિટ/ડેબીટ કાર્ડના માધ્યમથી ચૂકવવાની રહેશે. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ **૨૪-૬-૨૦૧૩** છે.

### ❑ અરજી કેવી રીતે કરશો ?

❋ **ઓનલાઈન અરજી :** યુ.પી.એસ.સી.ની વેબસાઈટ : **http://www.upsconline.nic.in** ઉપર ઓનલાઈન અરજી કરવાની છે. ઓનલાઈન અરજી કરવાની વિગતવાર જાણકારી દર્શાવેલ વેબસાઈટ ઉપર મૂકવામાં આવેલી છે.

❋ જે ઉમેદવારો જાહેર સાહસોમાં નોકરી કરતા હોય તેઓએ આ પરીક્ષા માટે પોતે અરજી કરી છે એવી માહિતી તેઓએ પોતાના કચેરી/વિભાગના વડાને લેખિતમાં કરી છે એવી બાંયેધરી આપવી જરૂરી છે.

❋ ઉમેદવારોએ એ વાતની નોંધ લેવી કે જો તેઓના નોકરીદાતા તરફથી કમિશનને એવી જાણ કરવામાં આવે કે ઉમેદવારને પરીક્ષામાં બેસવા માટે કરેલી અરજીની પરવાનગી તેમણે પાછી ખેંચી છે ત્યારે ઉમેદવારની અરજી રદ કરવાની/ઉમેદવારી રદ કરવાને પાત્ર ઠરશે.

❋ ઉપરોક્ત પરીક્ષા માટે અરજી કરતા ઉમેદવારોએ એ વાતની ખાતરી આપવાની રહેશે કે તેઓ પરીક્ષામાં પ્રવેશ માટેની તમામ લાયકાતની શરતો ધરાવે છે.

❋ લેખિત પરીક્ષા અને ઈન્ટરવ્યૂ વગેરેમાં ઉમેદવારોનો પ્રવેશ કામચલાઉ ગણાશે અને જો આ બંને પરીક્ષાની અગાઉ અથવા પાછળથી જો તેઓ લાયકાતની કોઈપણ શરત ધરાવતા નથી એવું માલૂમ પડશે તો તેઓની ઉમેદવારી રદ કરવામાં આવશે.

❋ ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે તેઓ લેખિત પરીક્ષાના પરિણામ બાદ નીચે જણાવેલ મુળ પ્રમાણપત્રો અને તેની પ્રમાણિત નકલો તૈયાર રાખે.

(૧) મેટ્રિક/હાયર સેકંડરી સ્કૂલ સર્ટિફિકેટ અથવા તેની સમકક્ષ પરીક્ષા (જન્મ તારીખ દર્શાવતું) (૨) ડિગ્રી/કામચલાઉ ડિગ્રી પ્રમાણપત્ર/ગુણપત્રક કે જેમાં સ્પષ્ટપણે ડિગ્રી પરીક્ષા પાસ કર્યાનું દર્શાવ્યું હોય.

❋ લેખિત પરીક્ષાનું પરિણામ **ડિસેમ્બર-૨૦૧૩** માં જાહેર થવાની સંભાવના છે.

❋ ઈન્ટરવ્યૂ આપનાર તમામ ઉમેદવારે મુળ પ્રમાણપત્રો/કામચલાઉ પ્રમાણપત્રો સાથે રાખવાં.

❋ જે ઉમેદવારોએ ડિગ્રીના આખરી વર્ષની પરીક્ષા પાસ કરી નથી તેઓએ કોલેજ/સંસ્થાના આચાર્ય પાસેથી, ઉમેદવાર ડિગ્રી પરીક્ષાના આખરી વર્ષની પરીક્ષા આપી છે/આપી રહ્યા છે એ મતલબનું મુળ પ્રમાણપત્ર મેળવીને રજુ કરવું અન્યથા તેઓને ઈન્ટરવ્યૂ આપવા દેવામાં આવશે નહિ.

❋ જે ઉમેદવારોએ ખોટા/ચેડાં કરેલા દાવાઓ રજુ કર્યા હશે તેઓની સામે કમિશનની જોગવાઈઓ મુજબ શિસ્તભંગના પગલાં લેવામાં આવશે.

### ❑ અગત્યનું :

કમિશન સાથેના તમામ પત્રવ્યવહારમાં નીચેની વિગતો અચૂક દર્શાવવી.

(૧) પરીક્ષાનું નામ અને વર્ષ (૨) રજીસ્ટ્રેશન આઈ.ડી. (RID) (૩) રોલ નંબર (જો આપવામાં આવ્યો હોય તો) (૪) ઉમેદવારનું નામ (પૂરેપૂરું અને બ્લોક લેટરમાં) (૫) અરજીમાં દર્શાવ્યા મુજબનું ટપાલનું સરનામું (ટેલીફોન નંબર સાથે)

❋ જો ઉમેદવાર તરફથી પરીક્ષા બાદ કોઈ પત્રવ્યવહાર મળશે તો અને તેમાં જો ઉમેદવારનું પુરૂં નામ અને રોલ નંબર દર્શાવેલ નહિ હોય તો કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહિ.

❋ ઉમેદવારોને જણાવેલ તારીખે જ ઈન્ટરવ્યૂમાં હાજર રહેવા જણાવવામાં આવે છે. ઈન્ટરવ્યૂ માટે ભવિષ્યની તારીખ આપવાની વિનંતી ખૂબ જ વાજબી કિસ્સાઓમાં અને તે પણ વહીવટી સરળતા હશે તો જ વિચારવામાં આવશે. આવી વિનંતી પસંદગી કેન્દ્ર/એસ.એસ.બી. કે જ્યાંથી કોલ લેટર પ્રાપ્ત થયો છે ત્યાં મોકલવી.

❋ આઈ.એમ.એ.ના ઈન્ટરવ્યૂનો કોલ લેટર જો ફેબ્રુઆરી-૨૦૧૪ના ચોથા સપ્તાહ સુધીમાં ન મળે તો અને ઓ.ટી.એ.ના ઈન્ટરવ્યૂનો કોલ લેટર જો મે-૨૦૧૪ના ચોથા સપ્તાહ સુધીમાં ન મળે તો ઉમેદવારે Army Headquarter/Rtg. CDSE Entry, SSC Women Entry for Officers Training Academy, 175, West Block-III, Ramakrishna Puram, New Delhi-110 066 ને લખવું અથવા ફોન નં. ૨૬૧૭૬૦૨૮ ઉપર સંપર્ક કરવો. તથા નેવી/એરફોર્સના ઉમેદવારોએ આ બાબતે જો ફેબ્રુઆરી-૨૦૧૪ના ચોથા સપ્તાહ સુધીમાં કોલ લેટર ન મળે તો Navel Hqrs. અથવા Air Hqrs. ને લખવું.

**નાયબ સચિવ,**
કેન્દ્રિય જાહેર સેવા આયોગ.

**વધુ વિગતવાર માહિતી માટે નવી દિલ્હીથી પ્રસિદ્ધ થતું તા. ૨૫-૫-૨૦૧૩ ના રોજનું એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ જોઈ લેવા ભલામણ.**

## APPENDIX I
## The scheme, standard and syllabus of the examination

**A. SCHEME OF EXAMINATION**

1. The Competitive examination comprises:

♦ Written examination as shown in para 2 below

♦ Interview for intelligence and personality test (vide Part 'B' of this Appendix) of such candidates as may be called for interview at one of the Services Selection Centres

2. The subjects of the written examination, the time allowed and the maximum marks allotted to each subject will be as follows:

♦ For Admission to Indian Military Academy, Indian Naval Academy and Air Force Academy

| Subject | Duration | Maximum Marks |
|---|---|---|
| 1. English | 2 Hours | 100 |
| 2. General Knowledge | 2 Hours | 100 |
| 3. Elementary Mathematics | 2 Hours | 100 |

(b) For Admission to Officers' Training Academy

| Subject | Duration | Maximum Marks |
|---|---|---|
| 1. English | 2Hrs | 100 |
| 2. General Knowledge | 2Hrs | 100 |

The maximum marks allotted to the written examination and to the interviews will be equal for each course i.e. the maximum marks allotted to the written examination and to the interviews will be 300, 300, 300 and 200 each for admission to the Indian Military Academy, Indian Naval Academy, Air Force Academy and Officers' Training Academy respectively

3. The papers in all the subjects will consist of objective type questions only. The question papers (Test Booklets) of General Knowledge and Elementary Mathematics will be set bilingually in Hindi as well as English.

4. In the question papers, wherever necessary, questions involving the metric system of Weights and Measures only will be set.

5. Candidates must write the papers in their own hand. In no circumstances will they be allowed the help of a scribe to write answers for them.

6. The Commission have discretion to fix qualifying marks in any or all the subjects of the examination

7. The candidates are not permitted to use calculator for answering objective type papers (Test Booklets). They should not therefore, bring the same inside the Examina-tion Hall.

B. STANDARD AND SYLLABUS OF THE EXAMINATION STANDARD

The standard of the papers in Elementary Mathematics will be of Matriculation level The standard of papers in other subjects will approximately be such as may be expected of a graduate of an Indian University

**INTELLIGENCE AND PERSONALITY TEST**

In addition to the interview the candidates will be put to Intelligence Tests both verbal and non-verbal, designed to assess their basic intelligence. They will also be put to Group Tests such as group discussions, group planning, outdoor group tasks, and asked to give brief lectures on specified subjects. All these tests are intended to judge the mental calibre of a candidate. In broad terms, this is really an assessment of not only his/her intellectual

(અનુસંધાન પાન નં. ૫ ઉપર)

## કેન્દ્રિય જાહેર સેવા આયોગ : નવી દિલ્હી
# કમ્બાઈન્ડ ડિફેન્સ સર્વિસીસ એક્ઝામિનેશન (II) ૨૦૧૩

**ઓન લાઈન અરજીની છેલ્લી તારીખ ૨૪-૦૬-૨૦૧૩**

**જગાઓની કુલ સંખ્યા : ૫૦૯**

**પરીક્ષાની તારીખ ૮-૯-૨૦૧૩**

**એક્ઝામ નોટિસ નં. : ૯-૨૦૧૩-CDS-II તા. : ૨૫-૫-૨૦૧૩**

કેન્દ્રિય જાહેર સેવા આયોગ દ્વારા નીચે જણાવેલ કોર્સમાં પ્રવેશ માટે કમ્બાઈન્ડ ડિફેન્સ સર્વિસીસ એક્ઝામિનેશન તા. ૮-૯-૨૦૧૩ના રોજ યોજવામાં આવનાર છે.

❑ **જગાઓની વિગત :**

| ક્રમાંક | કોર્સનું નામ | જગાની અંદાજિત સંખ્યા |
|---|---|---|
| ૧ | **ઈન્ડિયન મિલિટરી એકેડેમી, દેહરાદુન, જુલાઈ-૨૦૧૪ થી શરૂ થતો ૧૩૭ મો કોર્સ (એન.સી.સી. 'સી' પ્રમાણપત્ર (આર્મી પાંખ) ધરાવનારાઓ માટેની ૩૨અનામત જગાઓ સહિત)** | ૨૫૦ |
| ૨ | **નેવલ એકેડેમી-ઈઝીમાલા કોર્સ-જુલાઈ ૨૦૧૪ માં શરૂ થાય છે. એક્ઝિક્યૂટિવ (જનરલ સર્વિસ) એન.સી.સી. 'સી' પ્રમાણપત્ર (નેવલ પાંખ) ધરાવનારાઓ માટેની ૦૬ અનામત જગાઓ સહિત)** | ૪૦ |
| ૩ | **જુલાઈ ૨૦૧૪ માં શરૂ થતો એરફોર્સ એકેડેમી, હૈદરાબાદ (પ્રિફ્લાઈંગ) ટ્રેઈનિંગ કોર્સ એટલે કે નંબર ૧૯૬ મો એફ(પી) કોર્સ.** | ૩૨ |
| ૪ | **ઓફિસર્સ ટ્રેઈનિંગ એકેડેમી, ચેન્નાઈ (મદ્રાસ), ઓક્ટોબર-૨૦૧૪ માં શરૂ થતો ૧૦૦ મો એસએસસી કોર્સ. (પુરૂષો માટે)** | ૧૭૫ |
| ૫ | **ઓફિસર્સ ટ્રેઈનીંગ એકેડેમી, ચેન્નાઈ ઓક્ટોબર-૨૦૧૪માં શરૂ થતો ૧૪મો એસએસસી મહિલા (નોન ટેક્નિકલ) કોર્સ.** | ૧૨ |

**નોંધ :** ઉપર દર્શાવેલી જગાઓની સંખ્યા કામચલાઉ છે અને આર્મી હેડક્વાર્ટર દ્વારા તેમાં કોઈપણ તબક્કે ફેરફાર થઈ શકશે.

❋ ઉમેદવાર અરજીપત્રકની સબંધિત કોલમમાં, પોતે જે ક્રમમાં સર્વિસમાં જોડાવા માગતો હોય એ સ્પષ્ટ રીતે જણાવે એ જરૂરી છે. પુરૂષ ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે પોતે, અત્રે નીચેના ફકરામાં આપેલી શરતોને આધીન રહીને, જેટલી પસંદગી ધરાવતા હોય તે તમામનો નિર્દેશ કરે કે જેથી ગુણવત્તાના ક્રમમાં તેમની કક્ષાને ધ્યાનમાં લઈને નિમણૂક આપતી વખતે તેમની પસંદગી પર યોગ્ય ધ્યાન આપી શકાય.

❋ મહિલા ઉમેદવારો માત્ર ઓફિસર્સ ટ્રેઈનીંગ એકેડેમી માટે જ યોગ્યતા ધરાવતા હોવાથી તેઓ માટે OTA પ્રથમ અને છેલ્લી પસંદગી રહેશે.

❋ જે પુરૂષ ઉમેદવારો શોર્ટ સર્વિસ કમિશન (આર્મી) માટે જ અરજી કરવા ઈચ્છતા હોય તેઓએ OTA ને એકમાત્ર પસંદગી દર્શાવવાની રહેશે. આમ છતાં, જે પુરૂષ ઉમેદવારો OTA ખાતે SSC કોર્સની સાથે સાથે ઈન્ડિયન મીલીટરી એકેડેમી, નેવલ એકેડેમી, એરફોર્સ એકેડમી માટે પરમેનન્ટ કમિશન માટે પણ અરજી કરવા ઈચ્છતા હોય તેઓએ OTA ને છેલ્લી પસંદગી દર્શાવવી. અન્યથા ઉમેદવારે ઉચ્ચ પસંદગી દર્શાવી હશે તો પણ OTA છેલ્લી પસંદ ગણાશે.

❋ જે ઉમેદવારો એરફોર્સ એકેડેમીમાં જોડાવા માગતા હોય તેઓએ આ એકેડેમીને પ્રથમ પસંદગી તરીકે દર્શાવવી, કારણકે તેઓને સેન્ટ્રલ મેડિકલ એસ્ટાબ્લિશમેન્ટ/ઈન્સ્ટિટ્યૂટ ઓફ એવિયેશન મેડિસીન્સ ખાતે એ.એફ.એસ.બી. અને એ.એફ. મેડિકલમાં ગમે તે એક કેન્દ્ર ખાતે પાયલોટ એપ્ટિટ્યૂડ બેટરી ટેસ્ટ આપવાનો રહેશે. જો આ એકેડેમીને બીજી અથવા ત્રીજી પસંદગી આપવામાં આવશે તો તેને રદબાતલ ગણવામાં આવશે.

❋ ઉમેદવારોએ એ વાતની નોંધ લેવી કે અત્રે નીચે જણાયેલ બાબત સિવાય, તેઓને માત્ર એવા કોર્સમાં જ નિમણૂક આપવાનું ધ્યાનમાં લેવામાં આવશે. જે માટે તેઓએ પોતાની પસંદગી દર્શાવી હોય.

❋ ઉમેદવારે એકવાર પોતાની અરજીમાં પસંદગીનો ક્રમ દર્શાવ્યા બાદ તેમાં વધારો/ફેરફાર કરવાની વિનંતીને કમિશન માન્ય રાખશે નહિ. એકવાર પસંદગી આપ્યા બાદ તેમાં કોઈ ફેરફાર કરવા દેવામાં આવશે નહિ. સર્વિસિસ હેટક્વાર્ટર દ્વારા પ્રથમ પસંદગી ઉમેદવારને જો નહિ આપવામાં આવે તો જ બીજી પસંદગીને ધ્યાનમાં લેવામાં આવશે. જ્યારે ઉમેદવારને પ્રથમ પસંદગીની ઓફર કરવામાં આવે અને ઉમેદવાર તેનો ઈન્કાર કરે તો રેગ્યુલર કમિશન માટેની તેમની તમામ અન્ય પસંદગીઓના સંદર્ભમાં તેમની ઉમેદવારી રદ કરવામાં આવશે.

❋ આઈ.એમ.એ./નેવલ એકેડેમી/એરફોર્સ એકેડેમી કોર્સના પ્રવેશ વિના રહી ગયેલા ઉમેદવારો એટલે કે એવા ઉમેદવારો કે જેઓની કેન્દ્રિય જાહેર સેવા આયોગે, આ પરીક્ષાના આખરી પરિણામના આધારે, પરમેનન્ટ કમિશન આપવા ભલામણ કરી હોય પરંતુ જેઓ ગમે તે કારણસર આ કોર્સમાં પ્રવેશ ન મેળવી શક્યા હોય તેઓને, જો તેઓ પાછળથી નીચે જણાવેલ શરતોને આધીન રહીને આ કોર્સમાં પ્રવેશ માટે પોતાની વિચારણા થાય એમ ઈચ્છતા હોય તો, તેઓએ પોતાની અરજીમાં આ કોર્સ માટે પોતાની પસંદગી દર્શાવી ન હોય તેમ છતાં, તેઓને એસ.એસ.સી. આપવાની વિચારણા કરવામાં આવશે.

(૧) એસ.એસ.સી. કોર્સ માટે સ્પર્ધા કરી રહેલ તમામ ઉમેદવારોની વિગતો એકઠી કર્યા બાદ ઘટાડો જણાતો હોય અને

(૨) જે ઉમેદવારોએ એસ.એસ.સી. માટે પોતાની પસંદગી નહિ દર્શાવી હોવા છતાં જેઓની તાલીમ માટે વિગતો આપવામાં આવી છે તેઓને, છેલ્લા ઉમેદવાર કે જેમણે આ કોર્સ માટે વિકલ્પ આપ્યો છે તેના પછી ગુણવત્તા યાદીના ક્રમમાં મુકવામાં આવશે. કારણ કે આવા ઉમેદવારોને એવા કોર્સમાં પ્રવેશ આપવામાં આવી રહ્યો છે કે જેના માટે તેઓ, પોતે પસંદગી દર્શાવ્યા મુજબ હકદાર નથી.

(૩) એરફોર્સને પ્રથમ અને એકમાત્ર પસંદગી આપનાર ઉમેદવારો જો પાયલોટ એપ્ટિટ્યૂડ બેટરી ટેસ્ટમાં નિષ્ફળ જશે તો તેઓની ગણના એસ.એસ.સી. (ઓ.ટી.એ.)માં પ્રવેશ માટે રહી ગયેલા ઉમેદવાર તરીકે કરવામાં આવશે નહિ. આવા ઉમેદવારો જો પોતે એસ.એસ.સી. (ઓ.ટી.એ.) માટે પોતાની વિચારણા થાય એમ ઈચ્છતા હોય તો તેઓએ ઓ.ટી.એ. માટે પણ પોતાનો વિકલ્પ આપવો.

❋ એન.સી.સી. 'સી' પ્રમાણપત્ર (આર્મી પાંખ/સિનિયર ડિવિઝન એર પાંખ/નેવલ પાંખ) ધરાવનાર ઉમેદવારો પણ શોર્ટ સર્વિસ કમિશનની જગાઓ માટે સ્પર્ધા કરી શકે છે પરંતુ આ કોર્સમાં તેમના માટે કોઈ અનામત જગાઓ નહિ હોવાથી, આ કોર્સની જગાઓ ભરવાના હેતુસર તેઓની ગણના સામાન્ય ઉમેદવાર તરીકે કરવામાં આવશે. જે ઉમેદવારોને એન.સી.સી. 'સી' પ્રમાણપત્ર (આર્મી પાંખ/સિનિયર ડિવિઝન એર પાંખ/નેવલ પાંખ) પરીક્ષા પાસ કરવાની હજી બાકી છે પરંતુ જેઓ અન્યથા અનામત જગાઓ માટે સ્પર્ધા કરવા લાયકાત ધરાવે છે તેઓ પણ અરજી કરી શકશે પરંતુ તેઓએ એન.સી.સી. 'સી' પ્રમાણપત્ર પરીક્ષા પાસ કર્યાનો પુરાવો, આઈ.એમ.એ./એસ.એસ.સી.ની પ્રથમ પસંદગી આપેલ ઉમેદવારોના કિસ્સામાં Army HQ/Rtg. CDSE Entry, West Block-III, R. K. Puram, New Delhi-110 066 ને જ્યારે નેવીને પ્રથમ પસંદગી આપેલ ઉમેદવારોના કિસ્સામાં Naval HQ DMPR, (O I & R) Section, Room No. 204, "C" Wing, Sena Bhawan, New Delhi-110 011ને તથા એરફોર્સની પ્રથમ પસંદગી આપેલ ઉમેદવારોના કિસ્સામાં PO 3(A)/Air Headquarters, J Block, Room No. 17, Opp. Vayu Bhavan, Motilal Nehru Marg, New Delhi-110 011 ને **તા. ૧૩-૫-૨૦૧૪** પહેલાં મોકલી આપવો જરૂરી છે. અનામત જગાઓ પર સ્પર્ધા કરવા માટેની લાયકાત મેળવવા માટે ઉમેદવારોએ નેશનલ કેડેટ કોર્સની સિનિયર ડિવિઝન આર્મી પાંખમાં બે એકેડેમિક વર્ષ અને સિનિયર ડિવિઝન એર પાંખ/નેવલ પાંખમાં ત્રણ એકેડેમિક વર્ષ કરતા ઓછી મુદત માટે ફરજ બજાવેલી ન હોવી જોઈએ અને તેઓને, કમિશનની કચેરીમાં અરજી સ્વીકારવાની છેલ્લી તારીખે આઈ.એમ.એ./ નેવલ એકેડેમી/એરફોર્સ એકેડેમી કોર્સ માટે ૨૪થી વધુ માસ માટે એન.સી.સી. માંથી છૂટા કરેલા ન હોવા જોઈએ.

❋ ઈન્ડિયન મિલિટરી એકેડેમી કોર્સ/એરફોર્સ એકેડેમી કોર્સ/નેવલ એકેડેમી કોર્સમાં એન.સી.સી. 'સી' પ્રમાણપત્ર (આર્મી પાંખ/સિનિયર ડિવિઝન એર પાંખ/નેવલ પાંખ) ધરાવનારા ઉમેદવારો માટેની અનામત જગાઓ ભરવા માટે પરીક્ષાના પરિણામ બાદ જો આવી લાયકાત ધરાવતા ઉમેદવારો પૂરતી સંખ્યામાં નહિ મળે તો, નહિ ભરાયેલી અનામત જગાઓને બિનઅનામત જગાઓ ગણવામાં આવશે અને તે સામાન્ય ઉમેદવારોથી ભરવામાં આવશે.

❋ ઉપર જણાવેલ કોર્સમાં કમિશન દ્વારા લેવામાં આવનાર લેખિત પરીક્ષા તેમજ ત્યારબાદ સર્વિસ સિલેકશન બોર્ડ દ્વારા લેખિત પરીક્ષામાં લાયકાત મેળવતા ઉમેદવારોના ઈન્ટેલિજન્સ અને પર્સનાલિટી ટેસ્ટના પરિણામના આધારે પ્રવેશ આપવામાં આવશે.

❑ **પરીક્ષાના કેન્દ્રો :**

પરીક્ષા નીચે દર્શાવેલ કેન્દ્રો ખાતે લેવામાં આવશે.

| | | |
|---|---|---|
| અમદાવાદ | ગંગટોક | પણજી (ગોવા) |
| અગરતલા | હૈદરાબાદ | પટના |
| ઐજવાલ | ઈમ્ફાલ | પોર્ટબ્લેર |
| અલ્હાબાદ | ઈટાનગર | રાયપુર |
| બેંગ્લોર | જયપુર | રાંચી |
| બરેલી | સાંબલપુર | ભોપાલ |
| જમ્મુ | શિલોંગ | ચંદીગઢ |
| જોરહટ | સિમલા | ચેન્નાઈ |
| કોચી | શ્રીનગર | કટક |
| કોહિમા | થિરુવનંતપુરમ્ | દેહરાદુન |
| કોલકત્તા | તિરુપતિ | દિલ્હી |
| લખનૌ | ઉદયપુર | ધારવાર |
| મુંબઈ | મદુરાઈ | વિશાખાપટ્ટનમ્ |
| દિસપુર | નાગપુર | |

ઉપર દર્શાવેલ કેન્દ્રો અને પરીક્ષાની તારીખ કમિશનની મુનસુફી મુજબ ફેરફારને પાત્ર છે. ઉમેદવારોની પરીક્ષા માટેની પોતાની પસંદગીનું કેન્દ્ર ફાળવવા માટે તમામ શક્ય પ્રયત્નો કરવામાં આવશે તેમ છતાં જો સંજોગો ઊભા થશે તો કમિશન કોઈપણ ઉમેદવારને અન્ય કેન્દ્ર પણ ફાળવી શકશે. જે ઉમેદવારોને પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવ્યો હશે તેઓને પરીક્ષાના સમયપત્રક અને સ્થળ/સ્થળોની માહિતી આપવામાં આવશે.

ઉમેદવારોએ એ વાતની નોંધ લેવી કે સામાન્ય રીતે કેન્દ્રમાં ફેરફાર કરવાની વિનંતીને ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.

❋ ઓન લાઈન અરજી વખતે ઉમેદવારે પરીક્ષા કેન્દ્રની પસંદગી કાળજીપૂર્વક કરીને કેન્દ્ર દર્શાવવું.

❋ જો કોઈ ઉમેદવાર, કમિશનના એડમિશન સર્ટિફિકેટમાં દર્શાવેલ કેન્દ્ર સિવાય અન્ય કેન્દ્ર ઉપરથી પરીક્ષા આપશે તો આવા ઉમેદવારનાં પેપરનું મુલ્યાંકન કરવામાં આવશે નહિ તેમજ તેમની ઉમેદવારી પણ રદ થવાને પાત્ર ઠરી શકશે.

❑ **યોગ્યતાની શરતો :**

**(અ) રાષ્ટ્રીયતા :**

ઉમેદવાર (૧) ભારતના નાગરિક અથવા (૨) ભૂતાનના પ્રજાનન અથવા (૩) નેપાળના પ્રજાજન અથવા (૪) ભારતમાં કાયમી વસવાટના ઈરાદાથી તા. ૧લી જાન્યુઆરી, ૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલ તિબેટના શરણાર્થી અથવા (૫) મૂળ ભારતની એવી પાકિસ્તાન, બર્મા, શ્રીલંકા અને પૂર્વ આફ્રિકાના દેશો જેવા કે કેન્યા, યુગાન્ડા, ધી યુનાઈટેડ રિપબ્લિક ઓફ ટાંઝાનીયા, ઝાંબીયા, માલાવી, ઝૈર અને યુથોપિયા તેમજ વિયેટનામમાંથી સ્થળાંતર કરીને ભારતમાં કાયમી ધોરણે વસવાટ કરવાના ઈરાદાથી આવેલી વ્યક્તિ હોવી જોઈએ.

કક્ષા (૨), (૩), (૪) અને (૫) ના ઉમેદવારોને ભારત સરકારે યોગ્યતા અંગેનું પ્રમાણપત્ર આપેલું હોવું જોઈએ.

નેપાળના ગોરખા પ્રજાજનો માટે યોગ્યતાનું પ્રમાણપત્ર જરૂરી નથી.

જે ઉમેદવારના કિસ્સામાં યોગ્યતાનું પ્રમાણપત્ર જરૂરી છે તેઓને કામચલાઉ ધોરણે પરીક્ષામાં પ્રવેશ મળશે. પરંતુ કેન્દ્રિય જાહેર સેવા આયોગનું પરિણામ જાહેર થાય એ પહેલાં ઉમેદવારને ભારત સરકાર તરફથી જરૂરી પ્રમાણપત્ર મળી ગયેલું હોવું જોઈએ.

❑ **વયમર્યાદા, જાતિ અને વૈવાહિક દરજ્જો :**

❋ **આઈ.એમ.એ.** માટે તા. ૨-૭-૧૯૯૦ થી તા. ૧-૭-૧૯૯૫ વચ્ચે જન્મેલા અપરિણિત પુરુષ ઉમેદવારો અરજી કરી શકશે.

❋ **નેવલ એકેડેમી માટે** તા. ૨-૭-૧૯૯૦ થી તા. ૧-૭-૧૯૯૫ વચ્ચે જન્મેલા અપરિણિત પુરુષ ઉમેદવારો અરજી કરી શકશે.

❋ **એરફોર્સ એકેડેમી માટે** તા. ૨-૭-૧૯૯૧ થી તા. ૧-૭-૧૯૯૫ વચ્ચે જન્મેલા અપરિણિત પુરુષ ઉમેદવારો અરજી કરી શકશે.

*(અનુસંધાન પાન નં. ૭ ઉપર)*

*મુદ્રક, પ્રકાશક, માલિક : માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૭/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર દ્વારા પ્રકાશિત, વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર દ્વારા મુદ્રિત.*